उतिष्ठत् जाग्रत् प्राप्य वरान्निबोधत्

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

## મુખપત્ર

**તંત્રી મંડળ**
ભરત એસ. શુક્લ
મનહરભાઈ પી. જોશી
ધ્રુવ જે. શુક્લ
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ

જુલાઈ, ઓગષ્ટ - ૨૦૧૭

**શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ**



**શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ**

**શ્રી મહાલક્ષ્મીધામ, શહેરા**

**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
ઈ–૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,
આંબાવાડી, અમદાવાદ. મો. ૯૮૨૪૪૦૬૩૮૧

**મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**
૧/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,
પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮

**મંત્રીશ્રી જયંત જી. જોષી**
૪૧૫/૨, સેકટર–૩બી, ગાંધીનગર.
મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રીશ્રી**
જીજ્ઞેશ બી. પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯

**સંપાદકશ્રી**
હસિત એચ. પાઠક – મો. ૯૮૨૫૨૭૭૪૪૦
વિપુલભાઈ વી. દવે – મો. ૯૪૨૬૦૪૭૨૪૮

## પ્રમુખશ્રીની કલમે,



પરમ સ્નેહી શ્રી વડિલબંધુઓ, ભગિનીઓ, મુરબ્બીઓ, મિત્રો સૌને સસ્નેહ જય ભગવાન. આપના સાથ સહકારથી પહેલી ઓક્ટોબરે વડિલોની વંદના, સમાજના વિશિષ્ટ પ્રતિભાવંત મહાનુભાવો અને ધો. ૧૦ થી યુ.જી., પી.જી.માં અને અન્ય શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર યુવા પ્રતિભાઓને સન્માનવાનો એક ભવ્ય કાર્યક્રમ રાખ્યો છે. આપ સૌને સાદર સસ્નેહ આમંત્રણ છે. આપણો જ આ કાર્યક્રમ હોવાથી આપ તા. ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં વડિલોનાં નામ, જન્મતારીખ, તથા પ્રતિભાવંતોની પૂર્ણ માહિતી, પ્રતિભાવંત તેજસ્વી તારલાઓની માર્કશીટ્સ વગેરે શ્રી ગૌરવ પુરસ્કારના સંયોજકોને / કાર્યાલયમાં તા. ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં મોકલી આપશો. આ નિમિત્તે દિપાવલી પહેલાં એક સ્નેહ મિલન થશે. નવી અને જૂની પ્રતિભાઓને મળી પરસ્પરની હૂંફ મેળવવાનો પ્રયત્ન કરીએ. કાર્યક્રમની વ્યવસ્થાના ભાગ રૂપે રૂ. ૫૦/- નજીવી ટોકન રકમ ભોજન માટે રાખેલ છે પણ એ તો નિશ્ચિત છે કે સૌ શ્રી સમાજના સભ્ય હોવા જોઈએ. કદાચ વડિલો આ પૂર્વે સભ્ય ન થયા હોય તો તેમના પુત્ર-પુત્રીઓ આ કાર્ય પૂર્ણ કરી લેશે અને સમાજને તથા પ્રસંગને વધારે દેદિપ્યમાન બનાવવા ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપશે જ તેવી અમોને શ્રદ્ધા છે. આ નિમિત્તે ઘણાબધા શ્રીબંધુઓની ઉદાર સખાવતની જાહેરાત થઈ રહી છે તે સૌને આપણે "શ્રી ગૌરવ પુરસ્કાર અંક"માં સમાવીશુ. આ માટે જાહેરાતો, શુભેચ્છકોને આવકારીએ છીએ. કોઈને કોઈ રીતે પ્રસંગને, 'જાગૃતિ'ને, શ્રી સમાજને તથા જરૂરિયાત મંદોને કંઈક મદદ થાય તે માટે આપને આર્થિક મદદ કરવાની અપીલ પણ છે. થોડું એવું ફંડ ઉભુ કરીએ કે જેનાથી અનેક રીતે જરરિયાત મંદને ઉપયોગી થવાય. આપણે સૌને આવકારવા છે, સન્માનવા છે, મદદ કરવી છે પણ પહેલાં સમાજને મજબૂત કરવો છે, એ આશયથી જ આ પ્રથમવારનો અમૃત મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ. આપ આપના સૂચનો, અભિપ્રાયો આપી, દાન આપી, અપાવી અમોને સહકાર આપશો. સંઘે શક્તિ કલૌ યુગે - સંઘમાં, સહકારમાં, સાથમાં જ ઉત્કર્ષ રહેલો છે. આ માટે નાનો, મોટા, સ્ત્રી-પુરુષ એવા ભેદ વગર ગુણાઃ પુજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ એ ન્યાયે ગુણિજનોમાં ગુણો જ પૂજાને પાત્ર છે. નાનો-મોટો, સ્ત્રી-પુરુષ એવા ભેદ વગર સૌ સમાન ભાવનાથી આ કાર્યક્રમ કરવાનો છે. પુનઃ સૌનો સાથ સહકાર અને સમાજ માટે કંઈક આપી, અપાવી પગભર કરવાની અપેક્ષા શ્રદ્ધા સાથે વંદન કરી વિરમુ છું.

આપનો

પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય

પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત, અમદાવાદ

## આભાર દર્શન


**પૂર્વ પ્રમુખશ્રી અનિલભાઈ દવે** (સીનીયર એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ) તરફથી પૂર્વ સંકલ્પ મુજબ **રૂ. એક લાખ**નું દાન સમાજને પ્રાપ્ત થયેલ છે. આભાર. આવી ઉદાર સખાવતથી સમાજમાં સૌને પ્રેરણા મળે તેવી આશા અને શ્રદ્ધા સાથે .....!

**પ્રિ. ડો. બંસીધર ઉપાધ્યાય**

પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત, અમદાવાદ

**સજ્જનોની સોબત માણસનો શું (ભલું) કરતી નથી ?**

## વ્યક્તિ વિશેષ
## શ્રી મધુકરભાઈ શાસ્ત્રી



પેટલાદના વતની સ્વ. શ્રી મધુકરભાઈ મણીશંકર શાસ્ત્રીનો જન્મ તા. ૧૦-૦૬-૧૯૨૪ના રોજ થયેલ. તેમના પિતા સ્વ. શ્રી મણીશંકર ભાઈશંકર શાસ્ત્રી પેટલાદ, જિ. આણંદમાં પાઠશાળા ચલાવતા હતા. પેટલાદની એન.કે. હાઈસ્કૂલમાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરીને, વડોદરાની કૉલેજમાંથી ગ્રેજ્યુએટ થઈ સ્વ. શ્રી મધુકરભાઈ શાસ્ત્રીએ લંડનમાં જઈને બાર એટ-લો (બેરીસ્ટર)ની ઉપાધી પ્રાપ્ત કરેલ અને ત્યારબાદ મુંબઈમાં વકીલાત શરૂ કરેલ. ગુજરાત રાજ્યની સ્થાપના થવાથી તેઓએ અમદાવાદમાં વસવાટ કરેલ અને ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરેલ. ગહુજરાત હાઈકોર્ટમાં તેમની ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકેની નિમણુક થતા તેઓએ સેવામાં જોડાયેલા અને ત્યારબાદ નિવૃત્ત થયા બાદ ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરેલ અને તા.૨૨-૦૫-૧૯૯૭ના રોજ તેમનું નિધન થતા સુધી વકીલાતનો વ્યવસાય સાથે જોડાયેલ રહેલ.

શ્રીગૌડ સાડત્રીસ સમાજે તેઓએ લંડનમાં જઈને બાર એટ-લો (બેરીસ્ટ)ની ઉપાધી પ્રાપ્ત કરેલ તેથી તેમનું સન્માન કરેલ. સમાજમાં બાર એટ-લો (બેરીસ્ટ)ની પદવી પ્રાપ્ત કરનાર તેઓ એક જ વ્યક્તિ હતા.

સ્વ. મધુકરભાઈ મણીશંકર શાસ્ત્રીના એક પુત્ર ઉદય મધુકરભાઈ શાસ્ત્રી ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરે છે. જ્યારે બીજા પુત્ર અનુપ મધુકરભાઈ શાસ્ત્રી રીલાયન્સ પેટ્રોકેમીકલ્સમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે.

**નોંધ :** 'જાગૃત્તિ' નિભાવ ફંડમાં આપના પરિવ તરફથી રૂ. ૫૦૦૦/- દાન સ્વરૂપે સમાજને પ્રાપ્ત થયા છે તે બદલે તેઓશ્રીનો આભાર. અસ્તુ !

### કાનૂની સેલ (લીગલ સેલ)

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી રાકેશકુમાર જગુપ્રસાદ જોશી | છોટા ઉદેપુરવાળા | અમદાવાદ | ૯૪૨૮૬૯૭૩૭૧ |
| (૨) શ્રી કમલેશકુમાર ધીરુભાઈ જોશી | વનોડાવાળા | પણસોરા,જિ.ખેડા | ૯૩૨૭૯૩૫૮૬૯ |
| (૩) શ્રીમતી હર્ષાબેન ધીરુભાઈ જોશી | વનોડાવાળા | ડાકોર | ૯૪૨૬૪૨૩૨૯૩ |
| (૪) શ્રીમતી જ્યોતિકાબેન ભાનુશંકર | વેજપુરવાળા | વડોદરા | ૯૯૯૮૨૩૭૦૨૮ |

### ડૉક્ટર સેલ

| | | | |
|---|---|---|---|
| (૧) ડૉ. અનિલકુમાર એ. જોશી | ખંભોળજ | તા.જિ. આણંદ | ૯૮૭૯૯૪૪૨૭૧ |
| (૨) ડૉ. સંદિપ અનિલકુમાર જોશી | હાથીજણ | અમદાવાદ | ૯૯૭૮૧૯૪૮૪૪ |

**ધૈર્ય, શાંતિ, ઈન્દ્રિય નિગ્રહ, પવિત્રતા, દયા, કોમળ વાણી અને મિત્ર દ્રોહનો ત્યાગ આ સાત લક્ષ્મી વધારનારા છે.**



# Samast Shreegaud Samaj Gujarat

(Reg. No. A/3352/Ahmedabad)


**PRESIDENT**
**Prin. Dr. Bansidhar Upadhyay**
M : +91-9824406381

**TREASURER**
**Kiran Dave**
M : +91-9879167010

**SECRETARIES**
**Jayantbhai Joshi**
M : +91-9601995567

**Kaushik Pathak**
M : +91-9825788188


''જયશ્રી મહાલક્ષ્મી''

**આદરણીય 'શ્રી' શ્રીમાન/શ્રીમતિ,**

સહર્ષ જણાવવાનું કે, લાંબા સમયના વિરામ બાદ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા આયોજીત કાર્યક્રમ **"શ્રી ગૌરવ પુરસ્કાર"** માં આપણા શ્રીબંધુ/ શ્રીભગિનીઓને પરસ્પર મળવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થવા જઇ રહ્યો છે. આપ સર્વને વિદિત છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી આપણા સૌનો માનીતો **"પારિતોષીક વિતરણ"** કાર્યક્રમ ખોરંભે પડ્યો છે અને તેથી જ નવા વરાયેલા પ્રમુખશ્રી પ્રિ.ડૉ.બંસીધરભાઈ ઉપાધ્યાયની રાહબારી હેઠળ કાર્યકારીણી સમિતિએ ઉપરોક્ત કાર્યક્રમ પુન: ચાલુ કરવાનો નિશ્ચય કરેલ છે. નીચે જણાવેલ રસસભર કાર્યક્રમ આપ સર્વને જરૂરથી રૂચિમય લાગશે.

(૧) આપણા શ્રીગૌડ સમાજ ના "ભવિષ્ય" એવા "શ્રી" વિધ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ જેઓ ધોરણ-૧૦, ધોરણ-૧૨ (આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ), સ્નાતક (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, એંજીનીયરીંગ મેડિકલ ફાર્મસી) અનુસ્નાતક, પીએચ.ડી., એમ.ફીલ. માં ઉત્તીર્ણ થયા હોય એવા વિધ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રાપ્ત થયેલ ગુણપત્રકો માથી જેમને ઉચ્ચ ગુણ મળ્યા હોય તેઓનું (ફેકલ્ટી પ્રમાણે) ચંદ્રદાતાઓ દ્વારા ઘોષિત પારિતોષીક એનાયત કરવા..

(૨) આપણા આદરણીય 'શ્રી' વડીલો જેઓએ તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ ૭૫ વર્ષ પૂરા કરે છે એવા વડીલોનું સન્માન.

(૩) આપણા 'શ્રી' સભ્યો જેઓએ વિશિષ્ટ સિધ્ધિ મળી છે અને એ સિધ્ધિને રાજય સરકાર/કેન્દ્ર સરકાર/સરકાર પ્રમાણિત એન.જી.ઓ. દ્વારા અનુમોદન મળ્યું હોય એવા પ્રતિભાશાળી 'શ્રી' સજ્જનો/સન્નારીઓનું સન્માન.

(૪) આપણા સમસ્ત શ્રીગૌડ સમાજના ઉત્કર્ષ માટે જે 'શ્રી' સજ્જનો/સન્નારીઓએ યોગદાન આપેલ છે તેઓનું સન્માન.

**નોંધ :-**

૧. **"શ્રી ગૌરવ પુરસ્કાર"** કાર્યક્રમ ફક્ત સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ના નોધાયેલ સભ્યો માટે છે.

૨. વિદ્યાર્થીઓએ જૂન ૨૦૧૭ના શ્રીગૌડ જાગૃતિમાં આપેલ નિયતફોર્મની સાથે સ્વપ્રમાણિત ગુણપત્રકની નકલ બીડવી.

૩. તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં ૭૫ વર્ષ પૂરા કરનાર વડીલ 'શ્રી' ઓએ જન્મ તારીખનો દાખલો/આધાર કાર્ડ/પાસપોર્ટ આપવાનો રહેશે.

૪. છેલ્લા ત્રણ વર્ષ માં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા હોય એવા વિદ્યાર્થીઓ માટેનો આ કાર્યક્રમ છે.

૫. પ્રમાણપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ ૧૫-૦૯-૨૦૧૭ રહેશે. પ્રમાણપત્રો પાછળ દર્શાવેલ સંયોજકોના સરનામે જ મોકલવા.

## કાર્યક્રમની વિગત

| | | |
|---|---|---|
| **તારીખ** | **:** | **૧/૧૦/૨૦૧૭** |
| **સમય** | **:** | **સાંજે ૩.૩૦ કલાકે** |
| **સ્થળ** | **:** | **SAMUTKARSH** **(Academy of Yog, Music and Holistic Living)**<br>Anandnagar Road, Nr. Anandnagar Flats, B/s. Heritage Skyz, Prahladnagar, Ahmedabad - 380 015 |
| **સ્વરૂચી ભોજન** | **:** | **રાત્રિના ૮.૦૦ કલાકે** |
| **રજીસ્ટ્રેશન ફી** | **:** | **રૂ. ૫૦/- વ્યક્તિદીઠ ( તા. ૧૫/૦૯/૨૦૧૭ સુધી)**<br>**રૂ. ૧૦૦/- વ્યક્તિદીઠ (સ્થળ પર કરવામાં આવેલ નોંધણી માટે )** |

**ધન ભૌતિક સુખનો જાદુગર છે, પણ શાંતિનો ધાડપાડુ છે.**

બહુ વર્ષો બાદ યોજાનાર વિવિધતા સભર "શ્રી ગૌરવ પુરસ્કાર" કાર્યક્રમ માં આપ ઉપસ્થિત રહેવાના છો તેની નોંધણી તેમજ જરૂરી નકલો નીચે જણાવેલ અમારા સંયોજકો ને સમયસર (તા.૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં) મોકલશો.

પ્રતિભાવંત દીકરા-દીકરીઓના વધામણાં તથા વડીલ વંદના-વ્યક્તિ વિશેષ સત્કાર સમારોહને ભવ્યાતિ-ભવ્ય સંભારણા રૂપે યાદગાર અને દેદિપ્યમાન કરવા સમસ્ત શ્રીગૌડ સમાજે કરેલ આયોજનમાં ઉપસ્થિત રહેવા અને સફળ બનાવવા સાદર આમંત્રણ.

**સંયોજકો :**

**(૧) શ્રી પંકજભાઈ માણેકલાલ શુકલ, બી-૨૦૧, દેવરાજ ફ્લેટ, પ્રાઈડ હોટલ પાસે, બોડકદેવ, અમદાવાદ -૩૮૦૦૫૪. (મો) ૯૮૨૫૦૦૮૧૪૪**

**(૨) શ્રી કિરણભાઈ પી. મહેતા, સરકારી દવાખાના પાસે, પેથાપુર, જી. ગાંધીનગર. (મો) ૯૮૩૩૫૧૨૭૦૩**

**(૩) શ્રી યોગેશભાઈ કે. શુકલ, એ/૨૩, સવિતા ગોવિંદ પ્લાઝા, પ્રાઈડ હોટલ સામે, બોડકદેવ, અમદાવાદ (મો) ૯૮૨૪૦૫૮૭૯૯**

**(૪) શ્રી ધ્રુવ જે. શુક્લ, જે-૭૨, સેટેલાઈટ પાર્ક, સ્ટાર ઈન્ડિયા બજાર પાછળ, સેટેલાઈટ, અમદાવાદ. (મો) ૯૪૨૯૩૫૫૬૫૩**

આ વિશિષ્ટ કાર્યક્રમ આપણા સર્વનો છે. અચૂક પધારી કાર્યક્રમને દિપાવશો.

સાભાર સહ.

| **પ્રમુખ** | **મંત્રીઓ** | **ખજાનચી** |
| --- | --- | --- |
| **ડૉ.બંસીધરભાઈ ઉપાધ્યાય** | **જયંત જોષી** | **કિરણભાઈ દવે** |
| | **કૌશિક પાઠક** | |

**તા.ક. આ કાર્યક્રમ ફક્ત સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ના નોંધાયેલ સભ્યો માટે છે. જેથી જેઓ હજુ સભ્ય ન થયા હોય તેઓએ સત્વરે સભ્ય થવા નમ્ર વિનતી.**

---

## એજ્યુકેશન સેલ

(૧) શ્રી સૌનક એસ. પાઠક અમદાવાદ ૯૮૭૯૦૧૦૬૯૩
(ધો. ૧૧, ૧૨ કૉમર્સ, બી.કોમ., એમ.કોમ., બી.બી.એ., એમ.બી.એ., એકાઉન્ટ્સ, ફાઈનાન્સ મેનેજમેન્ટ, ટેક્ષેસન, સ્ટાર્ટઅપ બીઝનેશ/ધંધાકીય લગતી બાબતો માટે વિનામૂલ્યે માર્ગદર્શન મળશે.)

---

## ગતાંકનો સુધારો

(૧) 'શ્રી ગીરીશચંદ્ર બાલમુકન્દ શુક્લના પુત્ર ચિ. વંશ ધર્મેશ શુક્લ' લખાયેલ છે તે સુધારીને 'શ્રી ગીરીશચંદ્ર બાલમુકુન્દ શુક્લના પૌત્ર ચિ. વંશ તન્મય શુક્લ' વાંચવું.

(૨) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી દિવ્યાંગ જયકુમાર શુક્લ, સી.એ. અમદાવાદનો મોબાઈલ નં. ૯૮૨૪૩૦૦૩૫૬ વાચવુ.

---

**જેને આત્મજ્ઞાન, ઉત્તમ ઉદ્યોગ, સહનશીલતા, ધર્મપરાયણતા અને પુરુષાર્થથી ભ્રષ્ટ કર્તા નથી તેને લોકો પંડિત કહે છે.**

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

(Reg. No. A/3352/Ahmedabad)

## પ્રથમ અમૃત મહોત્સવ

પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ

**પ્રમુખશ્રી/મંત્રીશ્રી**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત**
અમદાવાદ-૩૮૦૦૨૨

મને ૭૫ વર્ષ પુરા થયા છે. મારી વિગતો નીચે મુજબ છે. હું પ્રથમ અમૃત મહોત્સવમાં ભાગ લેનાર છું.

નામ : ____________________

સરનામું : ____________________

____________________

ફોન નં. : ____________ મોબાઈલ નં. : ____________

મૂળ વતન : ____________ જન્મ તારીખ : ____________

તા.૩૧-૧૨-૨૦૧૭ના રોજ ઉંમર : ________ વર્ષ ________ માસ ________ દિન

વ્યવસાય/પ્રવૃત્તિ : ____________________

શ્રીગૌડ સમાજમાં કામ કરેલ હોય તો તેની ટૂંકમાં વિગત : ____________________

____________________

____________________
સન્માનિત થનાર વડીલની સહી (ઉકલે તેવી)

(૧) જન્મતારીખનાં દાખલાની સર્ટીફાઈડ નકલ બીડવી જરૂરી છે. તેમજ આધાર કાર્ડ અથવા રહેઠાણનો પુરાવો સામેલ કરવો.
(૨) તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ જેના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોય તેઓએ આ ફોર્મ ભરવું.
(૩) આ ફોર્મ ભરીને નીચે દર્શાવેલ સરનામે તા. ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં મોકલવા.
(૪) શ્રીગૌડ સમાજના આજીવન સભાસદે જ આ ફોર્મ ભરવાનું રહેશે.
(સન્માનિત થનાર વડીલ જો આજીવન સભ્ય ન હોય તો તેઓના પુત્ર/પુત્રી આજીવન સભ્ય હોવા જરૂરી છે.)

---

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું :**
**પંકજ માણેકલાલ શુક્લ,** બી-૨૦૧, દેવરાજ ફ્લેટ, હોટેલ પ્રાઈડ પ્લાઝા પાસે, જજીસ બંગલોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪
**યોગેશ કિશોરકુમાર શુક્લ,** એ-૨૩, સવિતા ગોવિંદ પ્લાઝા, હોટલ પ્રાઈડ પ્લાઝા સામે, જજીસ બંગલોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ભાઈશ્રી/બેનશ્રી .................................................................... આપના તરફથી
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પ્રથમ અમૃત મહોત્સવમાં ભાગ લેવા અંગેનું પ્રવેશપત્ર મળેલ છે.

પ્રવેશપત્ર લેનારની સહી.

**૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, ૩, જુલી પાઈલોટ ડેરી રોડ, કાંકરીયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦**

**પૈસા માટે પ્રયત્ન કરો પણ પૈસા માટે પાપ ના કરો.**

# કાલોલ ખાતે મળેલ સંગઠન અંગેની બેઠકનો અહેવાલ

-મંત્રીશ્રી કૌશિક પાઠક, જયંત જોષી

"સંઘે શક્તિ કલૌ યુગે" આ સૂત્રને ચરિતાર્થ કરવા સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયની વિચારસરણીને મૂર્તિમંત કરવા ગુજરાતના શ્રીગૌડ બ્રાહ્મણ સમાજના વિવિધ મંડળો, સંસ્થાઓ અને મહાનુભાવોને અરસ પરસ સાંકળવા અંગે એક સંગઠન શક્તિ બનાવવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેની પ્રથમ મિટિંગ તા.૦૯-૦૪-૨૦૧૭ના રોજ વડોદરા મુકામે નવા શ્રીગૌડ જ્ઞાતિપંચ, નવિન પંચગામી,વડોદરાના યજમાનપદે રાખવામાં આવેલ હતી. તેમાં લગભગ દરેક મંડળ, સંસ્થાના પ્રમુખ અને મંત્રીઓ હાજર રહેલા હતા. તેઓએ એક સૂરે સૌ એક થવા અંગે પોતાનો મત દર્શાવ્યો હતો. તેના જ અનુસંધાનમાં તા.૧૬-૦૭-૨૦૧૭ના રોજ કાલોલ મુકામે શ્રીગૌડ સમાજ કાલોલના યજમાન પદે શ્રી હરિશભાઈ ઉપાધ્યાયના સૌજન્યથી મિટિંગનું આયોજન કરાયું હતું. ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને અને શ્રી ધ્રુવભાઈ જોશીના અતિથિ સ્થાને યોજાયેલ આ બેઠકમાં, ગોધરા, લુણાવાડા, શહેરા, ખંભાત, વડોદરા, અમદાવાદમાંથી ઘણી મોટી સંખ્યામાં શ્રીબંધુઓ ઉપસ્થિત રહી બેઠકને સફળ બનાવી મનનીય આવકાર્ય સૂચનો કર્યા હતાં. જેના મહદ્અંશો આ મુજબ છે :

(૧) શહેરા ખાતે આવેલ શહેરા બ્રાહ્મણપંચની વાડી ગરીબ શ્રીગૌડ માટે મફત આપવાની જાહેરાત શહેરા બ્રાહ્મણપંચના પ્રમુખ અને સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના સક્રિય કારોબારી સભ્ય તથા મહાલક્ષ્મી તીર્થધામ શહેરના મહામંત્રી શ્રી જીજ્ઞેશભાઈ પાઠક દ્વારા કરવામાં આવી હતી. જેને સૌએ તાળિયોથી વધાવી હતી.

(૨) અલગ-અલગ વાડાઓ તથા એકડા મીટાવીને સમગ્ર સમાજે એક થવું જોઈએ.

(૩) વર્ષમાં એકવખત સમસ્ત ગુજરાત તથા ગુજરાત બહારના શ્રીગૌડ બ્રાહ્મણોનું એક અધિવેશન બોલાવવું જોઈએ.

(૪) વર્ષમાં બે વખત સમૂહ જનોઈ અને જીવનસાથી પસંદગી સંમેલન થવું જોઈએ અને તેનું સ્થળ અને તારીખ ભેગા થઈને નક્કી કરવી જોઈએ. જેથી બહુમોટી સંખ્યાને વધારે લાભ મળે અને નજીક નજીક ગોઠવાયતો એકબીજાના લાભથી વંચિત ન રહે.

સમગ્ર કાર્યક્રમમાં કાલોલના સૌ મહાનુભાવોએ ભારે જહેમત ઉપાડી હતી, અંતે સૌનો આભાર વ્યક્ત કરી ભવ્ય બ્રહ્મભોજનબાદ આનંદ અને કાર્યની સફળતાના અહેસાસ સાથે મિટિંગ પૂર્ણ થઈ હતી.

તા.૧૬-૦૭-૨૦૧૭







**લોકો ભગવાનને શરણે જાય છે, દુ:ખથી ડરીને, સ્વદોષથી ડરીને નહીં.**

## મંદિર વ્યવસ્થાપન કોર્સ

-મનહર જોષી, ઉમરેઠ રત્ન

મંદિર એ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની ઓળખ છે. ભારતમાં વસતા વિવિધ ધર્મ અને સંપ્રદાયનાં લોકોના વિવિધ આસ્થાના પ્રતિકો સમા મંદિરો જોવા મળે છે.

મંદિર વ્યવસ્થાપનનાં વ્યવસાયિક ડિપ્લોમાં અભ્યાસક્રમનું યનિવર્સિટીનું પ્રમાણપત્ર મળવાથી આવા ઉત્તમ ઉમેદવારોને વિદેશમાં મંદિર વ્યવસ્થાપક ઉપરાંત વિવિધ સ્થળોએ આવેલા વિવિધ સંપ્રદાયનાં મંદિરોમાં એક ઉત્તમ મંદિર વ્યવસ્થાપક તરીકેની ઉજળી તક રહેલી છે.

આ અભ્યાસક્રમમાં રસ ધરાવતા ધોરણ ૧૨ નાં કોઈપણ ઉમેદવાર જોડાઈ શકે છે. ૧ વર્ષનો કોર્ષ છે. ઉંમર મર્યાદા નથી. નોકરી ધંધો કરતા ઉમેદવાર પણ આ અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવે છે. ફીનું ધોરણ રાજ્ય સરકારશ્રી અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસાર રહેશે. પ્રેક્ટીકલ તાલીમ માટે વિદ્યાર્થીઓએ વિવિધ મંદિરોની મુલાકાત કરવાની રહેશે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા પરીક્ષા લેવામાં આવશે અને ડિપ્લોમાં પ્રમાણપત્ર આપવામાં આવશે. અભ્યાસક્રમનું માધ્યમ સંસ્કૃત/ગુજરાતી રહેશે.

આ અભ્યાસક્રમની વધારે વિગત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતેથી પ્રાપ્ત થશે. ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૫૩૨, ૨૪૪૫૩૩, વેબસાઈટ www.somnathsanskrutuniversity.edu.in તથા અમદાવાદ ખાતે આ કોર્ષની વિગત (૧) શ્રી બ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાળા, શેઠ ભો. જે. વિદ્યાભવન, એચ.કે. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ (૨) શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, શ્રી ભાગવત વિદ્યાપીઠ, શ્રી કૃષ્ણધામ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ (૩) શ્રી દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય, સ્વામીનારાયણ ગુરુકુળ, છારોડી, સરખેજ ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦૦૬૦ (૪) શ્રી કે.કા.શાસ્ત્રી કોલેજ, ખોખરા, અમદાવાદ-૩૮૦૦૦૮. સૂચિત પદવી કે પ્રમાણપત્રો દેશમાં અને પરદેશમાં પણ કર્મકાંડ, જયોતિષ, વાસ્તુ વગેરેના જે તે વ્યવસાય માટે અને મંદિરોમાં નિમણૂંક માટે પણ ઉપકારક અને તેનું વ્યાવસાયિક મૂલ્ય પણ છે.


## લાગણી સભર અપીલ...

**દાન આપો દિલથી, દાતા બનો ભાવથી...**

**એકાઉન્ટ નામ :** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

**બેંક :** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, **બ્રાન્ચ :** દાણાપીઠ બ્રાન્ચ (૦૧૬૯૮)

**એકાઉન્ટ નંબર :** 30121839092

IFS Code : SBIN0001698

# આપણી સંસ્કૃત પાઠશાળાઓ

-મનહર જોષી, ઉમરેઠ રત્ન

(૧) શ્રી નારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, પેટલાદ,જિ. આણંદ. ફોન : ૦૨૬૯૭-૨૨૪૬૫૦

(૨) શ્રી ડાકોર સંસ્કૃત મહાવિદ્યાલ, ડાકોર-૩૮૮૨૨૫, તા. ઠાસરા, જિ. ખેડા. ફોન ૦૨૬૯૯-૨૪૫૨૬૮

(૩) શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય, ડાકોર રોડ, નડિયાદ-૩૮૭૦૦૧. ફોનઃ૦૨૬૮-૨૫૬૬૭૬૧, ૨૫૬૬૭૫૯

(૪) શ્રી સ્વામીનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલ, ડભાણ-૩૮૭૦૦૧, તા. નડિયાદ, જિ. ખેડા. ફોન : ૦૨૬૮-૨૫૮૧૭૩૨

(૫) શ્રી રાજકીય સંસ્કૃત મહાવિદ્યાલય, ટાઉનહોલ પાસે, પેટલાદ, જિ. આણંદ. ફોન : ૨૬૯૭-૨૨૨૧૭૬

(૬) શ્રી એચ.કે.સંસ્કૃત મહાવિદ્યાલય, કાયાવરોહણ-૩૯૧૨૨૦, તા. ડભોઈ, જિ. વડોદરા. ફોન : ૨૬૬૩૨૭૧૯૧૯

(૭) શ્રી સ્વામી હિરાપુરી સંસ્કૃત મહાવિદ્યાલય, નિલકંઠ અખાડા, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬
ફોન : ૦૭૯-૨૨૧૬૯૦૩૨

(૮) શ્રી સરયુ રામાનંદ સંસ્કૃત મહાવિદ્યાલય, પ્રેમદરવાજા, કાલુપુર, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૨૧૩૧૯૧૯

(૯) શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, હાઈકોર્ટ રોડ, સોલા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૪૭૫૦૩૫

(૧૦) શ્રી સ્વામીનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, પીરાણા રોડ, જેતપુર, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.
ફોન : ૦૨૭૧૮-૨૩૩૯૬૦

(૧૧) શ્રી દશનામ સંસ્કૃત મહાવિદ્યાલય, ગાંધીનગર હાઈવે, સરખેજ, અમદાવાદ. ફોન : ૦૨૭૧૭-૨૪૨૧૪૧, ૪૨

(૧૨) શ્રી વી.ટી.ચોક્સી સંસ્કૃત મહાવિદ્યાલય, કવિ નર્મદ ચકલો, અમલીકરણ, સુરત. ફોન : ૦૨૬૧-૨૪૫૨૫૪૬

(૧૩) શ્રી અનિરૂદ્ધાચાર્ય સંસ્કૃત કૉલેજ (પાઠશાળા), ચાંદોદ, તા. ડભોઈ, જિ. વડોદરા. મો. ૯૮૭૯૭૭૯૦૬૭

(૧૪) શ્રી મુક્તાનંદ સંસ્કૃત મહાવિદ્યાલય, મુ. મગોડ, મો. ૯૮૨૫૯૦૯૬૬૨

(૧૫) શ્રી નર્મદા સંસ્કૃત મહાવિદ્યાલય, નિલકંઠેશ્વર રોડ, સરદાર બ્રીજ પાસે, ઝાડેશ્વર જિ. ભરૂચ. ફોન : ૦૨૬૪૨-૬૫૧૭૮૩

(૧૬) શ્રી ટી.એચ.ડી.બી.કે.વૈદિક સંસ્કૃત મહાવિદ્યાલય કડિયાદ્વાર, જિ. સાબરકાંઠા. ફોન ૦૨૭૮૮-૨૩૬૩૯૫

(૧૭) શ્રી અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય, તા.ડીસા, મોટા અંબાજી, જિ. બનાસકાંઠા. ફોન : ૦૨૭૪૯-૨૬૨૭૩૬

(૧૮) શ્રી ગોપાલકૃષ્ણ સંસ્કૃત મહાવિદ્યાલય, સિદ્ધપુર, જિ. પાટણ. ફોન : ૦૨૭૬૭-૨૨૩૨૭૭

(૧૯) શ્રી એસ.જી.સંસ્કૃત મહાવિદ્યાલય, સંડેક, ઈન્ડિયા લી. રાજપુર ગામ, તા. કડી, જિ. મહેસાણા.
ફોન : ૦૨૭૬૪-૨૭૮૫૬૫

(૨૦) શ્રી સાંદીપની બિલેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય, એરોડ્રામ રો, પોરબંદર. ફોન : ૦૨૬૮-૨૨૨૨૯૧૨, ૧૩

(૨૧) શ્રી શંકરાચાર્ય સંસ્કૃત મહાવિદ્યાલય, દ્વારકા, જિ. જામનગર. ફોન : ૦૨૮૯૧-૨૩૫૨૭૨

(૨૨) આણંદાબાવા વેદાન્ત સંસ્કૃત મહાવિદ્યાલય, ધોરીવાવ, જિ.જામનગર. ફોન : ૦૨૮૮-૨૮૮૮૩૮૮

(૨૩) શ્રી ભારતી ચર્તુધામ વેદભવન મહાવિદ્યાલય, ૫૬ સીડી પાસે, ગોમતીઘાટ, દ્વારકા-૩૬૧૩૩૫, જિ. દેવભૂમિ દ્વારકા.
ફોન : ૦૨૮૯૨-૨૩૬૬૭૩

(૨૪) શ્રી શિવ સંસ્કૃત કૉલેજ, અમરેલી

(૨૫) યુનિ. સંસ્કૃત કૉલેજ, વેરાવળ, જિ.ગીર-સોમનાથ. ફોન : ૦૨૮૭૬-૨૪૪૫૩૩

આપણા શ્રીબંધુઓને તેમના બાળકો માટે ઉપયોગી થશે તેવી આશા સાથે...

## સમાચાર સંચય

(૧) શ્રીમતી કામાક્ષીબેન ટી. પંડ્યાને બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭, એજ્યુકેશન ફીલ્ડમાં મેળવવા બદલ અભિનંદન.

(૨) શ્રીમતી વૃંદા કે. ઉપાધ્યાય (જયેશકુમાર ઠાકોરલાલ શુક્લ, મધવાસ, વડોદરાની સુપુત્રી)ને બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭નો નૃત્યમાં મેળવવા બદલ અભિનંદન.

(૩) લોકશાહી સુરક્ષા સંગઠન, લીગલ સેના ગુજરાત રાજ્યના પ્રમુખ તરીકે શ્રી વિજયકુમાર એન. ઉપાધ્યાય(એડવોકેટ) ની નિમણુંક થવા બદલ અભિનંદન.

(૪) ચિ. આકાશ વંદન પુરોહીત, એમ.બી.એ. ફાઈનાન્સ-૨૦૧૬માં સફળ થવા બદલ અભિનંદન.

(૫) ચિ. મીત કમલેશભાઈ શુક્લ (વીરપુર, અમદાવાદ)ને એમ.બી.બી.એસ.માં ગર્વમેન્ટ મેડીકલ કોલજમાં એડમીશન મળવા બદલ અભિનંદન.

(૬) ચિ. લવ ચૈતન્યકુમાર પુરોહિત, અમદાવાદ, વર્ષ ૨૦૧૭માં સી.એ.ની પરીક્ષામાં પાસ થવા બદલ અભિનંદન.

(૭) ચિ. વિશાલ નવીનચંદ્ર પાઠકને પીએચ.ડી.ની ઉપાધી મેળવવા બદલ અભિનંદન.

(૮) શ્રી દિવાકરભાઈ કાશીનાથ શુક્લ, ગોધરા, બ્રહ્મ ગૌરવ ઍવોર્ડ ૨૦૧૭માં શિક્ષણમાં મેળવવા બદલ અભિનંદન.

(૯) કુ. ધ્રુવા મિતુલ દવે, વડોદરા, એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષમાં વલસાડ ગર્વમેન્ટ કૉલેજમાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદન.

(૧૦) ચિ. પાર્થ સુરેશકુમાર પાઠક (મધવાસ, અમદાવાદ) બ્રહ્મ ગૌરવ ઍવોર્ડ ૨૦૧૭ રમત-ગમત ક્ષેત્રે મેળવવા બદલ અભિનંદન.

(૧૧) શ્રીગૌડ સમાજનું ઉત્સાહી અને ઉદાર દંપત્તિ રીમા નીરવ પી. દવે (ખાડિયા) સમાજની નૂતન વેબસાઈટ બનાવી આપવાનું બીડું ઝડપ્યું છે. તેમને જરૂરી માહિતી પૂરી પાડવા સર્વેને અપીલ. (મો.૯૯૨૫૧૦૩૧૧૪). ભાઈ નીરવ અભિનંદન અને આભાર !

(૧૨) કુ. પૂર્વા માર્ગેશભાઈ શુક્લ (વીરપુર) ને સી.બી.એસ.સી. ધો. ૧૦ માં ૮૯% પ્રાપ્ત કરવા બદલ અભિનંદન !



**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત, શ્રીગૌડ શુભેચ્છક મંડળ ગૃહસ્થ પક્ષ, નાનુ તળ, ગોધરા એકમમાં તાજેતરમાં પ્રતિભાવંત તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, તેની એક ઝલક.**

### મંગલ મંદિર ખોલો ...

(૧) સ્વ. હરીશચંદ્ર ભાઈલાલભાઈ પુરોહિત  મુ.પો. દુધિયા, તા. લીમખેડા, જિ. દાહોદ

(૨) અ.સૌ. ભાવનાબેન પરેશકુમાર દવે (મોટી કાંટડી/અમદાવાદ)

(૩) શ્રી મહેશભાઈ રમણલાલ શુક્લ, કાલોલ

(૪) અ.સૌ. ગીતાબેન ઉપેન્દ્રભાઈ ભટ્ટ, લુણાવાડા

(૫) અમેરિકા સ્થિત હેતાબેનના પતિ શૈલેષકુમાર રાવલનું દુઃખદ અવસાન થયેલ છે.

(૬) સ્વ. જયાબેન મણિશંકર શાસ્ત્રી, મુંબઈ (કાંકણપુર)



**સર્વે દિવંગત આત્માઓ શાશ્વત શાંતિ પામે તેવી સમાજ તરફથી પ્રભુને પ્રાર્થના......!**

**મનને શોધવા માટે ફક્ત આંખના આંસુ જોઈએ.**

# શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

(Reg. No. A/3352/Ahmedabad)

ચંદ્ર પારિતોષિક માટે અરજીપત્રક

સભાસદ નં. :

પ્રતિ, સેક્રેટરીશ્રી,
**શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ**
C/o. શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩, જૂની પાયલોટ ડેરી પાસે,
કાંકરીયા, અમદાવાદ-૩૮૦૦૨૨.

**માર્ચ-એપ્રિલ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ના ............... ધોરણમાં /ડીગ્રીમાં/ડીપ્લોમાં**

સમાજ તરફથી વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭માં સાલમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને અપાતા ચંદ્રક / પારિતોષિક માટે મારી અરજી ધ્યાનમાં લેવા વિનંતી છે. મારી માહિતી નીચે મુજબ છે :

વિદ્યાર્થી / વિદ્યાર્થીનું નામ : ..........................................................................

સરનામું : ..........................................................................

ટેલીફોન નંબર : ..........................................................................

પિતા/વાલીનું નામ : ..........................................................................

સરનામું : ..........................................................................

પિતા / વાલી સમાજના આજીવન / સામાન્ય સભ્ય છે ? હા / ના

વિદ્યાર્થીએ પાસ કરેલ ધોરણ / ડીગ્રી : ..........................................................................

અભ્યાસક્રમ - પ્રવાહનું નામ : ..........................................................................

પરીક્ષામાં મેળવેલ ટકા : ..........................................................................

બોર્ડ યુનિવર્સીટી : ..........................................................................

| પરીક્ષાના વિષયો | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|
| | | |

નોંધ :-

(૧) અરજી સાથે ગુણપત્રકની સેલ્ફ પ્રમાણિત કોપી મોકલવી.
(૨) અધૂરી આવેલી અરજી ધ્યાનમાં લેવામાં નહીં આવે.
(૩) જે શાખા/પ્રવાહમાં ધોષિત ચંદ્ર નથી તેવી અરજીઓ સ્વીકાર કરવામાં નહીં આવે.
(૪) પ્રથમ પ્રયત્ને સફળ થનાર ચંદ્રકને પાત્ર ગણાશે.
(૫) સમાજના સભ્ય હોય તેવા વાલીના બાળક જ ચંદ્રકને પાત્ર થશે.
(૬) **માર્કશીટની નકલ તા. ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં સંયોજકોને / કાર્યાલયમાં મોકલી આપવાની રહેશે અને તે જ માન્ય ગણાશે.**

તારીખ : પિતા/વાલીની સહી : વિદ્યાર્થીની સહી :

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

**વિધાતા મેરેજ બ્યુરો**

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડીકલ,
એન્જિનિયરિંગના ઉચ્ચ શશિક્ષિત ભારતના, વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

---

**અપરણિત છુટાછેડા વિધવા વિધુર સીનીયર સીટીઝન સફેદદાગ વિકલાંગ શારિરીક ક્ષતિ મુકબધિર પ્રજ્ઞાચક્ષુ એચ.આઈ.વી. એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી પાત્રોની આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય ત્યાં સુદી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.**

---

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**

સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.

Website : http://www.vidhatamarraige.com
Email : contact@vidhatamarriage.com

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર

ફેન્સી સાડીઓનો એક્સક્લુઝીવ શો રૂમ (એ.સી.)

# પાનેતાર

## સિલ્ક પેલેસ

મુ.પો કોઠંબા, તા. લુણાવાડા, જિ. મહીસાગર

---

**મૃગેન વાય. જોશી – ૯૯૭૯૯૯૫૧૯૫**
**જૈમિન વાય. જોશી – ૯૯૭૮૦૩૨૬૦૧**

**પ્રકાશક અને મુદ્રક :**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
**C/o. શ્રી કિરણભાઈ વી. દવે, (ખજાનચી)**
**૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩**
**જુની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,**
**અમદાવાદ-૩૮૦૦૨૨.**
**ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦**
**આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-**
**પરદેશમાં રૂ. ૨૫૦૦/-**

બુક–પોસ્ટ

પ્રતિ